નામ :- મોચી હેતાંશી દિલીપભાઈ

રોલ. નં :- 229

PNR no :- COC2025229

Sem - I

Sub :- Inclusive Education and Psychological Strategies

MJB - EPS - 102

મોદી હેતાંશી. B

I

\- શૈક્ષણિક મનોવિજ્ઞાનની અભ્યાસ પદ્ધતિઓ તરીકે પ્રશ્નાવલી પદ્ધતિ અને મુલાકાત પદ્ધતિ સવિસ્તર વર્ણવો.

I. પ્રશ્નાવલિ પદ્ધતિ

પ્રશ્નાવલિ પદ્ધતિ એ વિદ્યાર્થીઓના વલણ, જરૂરિયાતો, શીખવાની શૈલીઓ અને શૈક્ષણિક સમસ્યાઓ સમજવા માટે વપરાતી એક મહત્વપૂર્ણ સાધન છે, જેમાં સંશોધક દ્વારા તૈયાર કરેલા પ્રશ્નોની યાદી વિદ્યાર્થીઓ કે શિક્ષકોને આપવામાં આવે છે. જેમાંથી ચોક્કસ માહિતી એકત્ર કરી શિક્ષણ પ્રક્રિયા સુધારવા અને સિદ્ધાંતો વિકસાવવામાં મદદ મળે છે.

શૈક્ષણિક મનોવિજ્ઞાનનો હેતુ શૈક્ષણિક પરિસ્થિતિઓ (જેમ કે શીખવું, રસ કેળવવો, ટેવો પાડવી) અને વિદ્યાર્થીના વર્તનનો અભ્યાસ કરવાનો છે.

પ્રશ્નાવલી વર્તનિક સંશોધનોમાં માહિતી એકત્ર કરવાનું અને સંશોધન સમસ્યાઓનું અધ્યયન કરવાનું ઘણું પ્રચલિત અને લોકપ્રિય સાધન છે. પ્રશ્નાવલી એક એવા પ્રશ્નોની હારમાળા હોય છે. જેમાં સંશોધન સમસ્યા સાથે સંબંધિત કેટલાય પ્રશ્નો આપવામાં આવ્યા હોય છે જેને ધ્યાનપૂર્વક વાંચીને ઉત્તરદાતા તેનો ઉત્તર પોતાના અનુભવના આધારે આપે છે અને ત્યારબાદ તે પ્રશ્નાવલી સંશોધનકર્તાને પરત કરે છે. મોટાભાગે પ્રશ્નોને

મોખી હિમાંશી .B

2

એક પુસ્તિકાના રૂપમાં છપાવી દેવામાં આવે છે જેને પ્રશ્નાવલી પુસ્તિકા કહેવામાં આવે છે.

વ્યાખ્યા : "સામાન્ય રીતે પ્રશ્નાવલી એક એવું સાધન છે જેમાં એક ફોર્મની મદદથી ઉત્તર આપવામાં આવે છે તથા જેને ઉત્તરદાતા સ્વયં ભરે છે."

- ગુડે તથા હાટ

→ પ્રશ્નાવલી નો ઉપયોગ

- વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન : વિદ્યાર્થીઓના વ્યક્તિત્વ, બુદ્ધિ, રસ, વલણ અને સમસ્યાઓનું મૂલ્યાંકન કરવા.

- અધ્યયન - અધ્યાપન પ્રક્રિયા : શીખવાની પ્રક્રિયાને સમજવા, શિક્ષક અને વિદ્યાર્થીના સંબંધોનો અભ્યાસ કરવા, અને નવી શિક્ષણ પદ્ધતિઓની અસરકારકતા ચકાસવા.

- શૈક્ષણિક જરૂરિયાતો : વિદ્યાર્થીઓની શૈક્ષણિક જરૂરિયાતો, પડકારો, અને ભાવનાત્મક જરૂરિયાતો જાણવા.

- શિક્ષક અને શાળા મૂલ્યાંકન : શિક્ષકોની કાર્યશૈલી અને શાળાના વાતાવરણ વિશે પ્રતિભાવ મેળવવા.

મોચી દિવાંશી. B

કાર્ય

- સંશોધન : વિશ્લેષણ સંબંધિત કોઈ સિદ્ધાંતની ચકાસણી કરવા કે નવા સિદ્ધાંતો વિકસાવવા માટે ડેટા એકત્રિત કરવા.

પ્રશ્નાવલીના પ્રકારો અલગ-અલગ વિદ્વાનોએ અલગ-અલગ દર્શાવ્યા છે જેમ કે લુન્ડબર્ગ (૧૯૫૭) અનુસાર પ્રશ્નાવલી બે પ્રકારની હોય છે. (૧) માહિતી (તથ્ય) સંબંધી પ્રશ્નાવલી, (૨) મનોવલણ સંબંધી પ્રશ્નાવલી. જ્યારે પી.વી. યંગ (૧૯૫૯) પ્રશ્નાવલી ઉપયોગમાં લેવામાં આવેલ વિગતો કે પ્રશ્નોને આધારે પ્રશ્નાવલીના બે પ્રકાર દર્શાવ્યા છે. (૧) બંધ પ્રશ્નોવાળી પ્રશ્નાવલી (૨) ખુલ્લા પ્રશ્નોવાળી પ્રશ્નાવલી પી.વી. યંગ જ પ્રશ્નાવલીની રચનાના આધારે પ્રશ્નાવલીના અન્ય બે પ્રકાર બતાવ્યા છે. (૧) સંરચિત પ્રશ્નાવલી (૨) અસંરચિત પ્રશ્નાવલી. કર્લિંગરે એ પ્રશ્નાવલીના બે પ્રકારો દર્શાવ્યા છે. (૧) નિશ્ચિત કે સીમિત વિગતવાળી પ્રશ્નાવલી (૨) વિસ્તૃત વિગતવાળી પ્રશ્નાવલી.

- બંધ-પ્રશ્નોવાળી પ્રશ્નાવલી : હા/ના, બહુવિકલ્પી, કે રેટિંગ સ્કેલ (જેમ કે ૧ થી ૫) જેવા વિકલ્પો, જે ડેટાના ઝડપી વિશ્લેષણ માટે ઉપયોગી છે.

- ખુલ્લા પ્રશ્નોવાળી પ્રશ્નાવલી : વિદ્યાર્થીઓને તેમના પોતાના શબ્દોમાં જવાબ આપવાની

ભોજાણી હેતાંશી B. | મ

ટુંક આપે છે. જે ગહન માહિતી પૂરી પાડે છે.

• મિશ્ર પ્રશ્નાવલી - ખુલ્લા અને બંધ બંને પ્રકારના પ્રશ્નોનો સમાવેશ.

- પ્રશ્નાવલી પદ્ધતિના લાભ

1. સમય ની બચત

પ્રશ્નાવલી દ્વારા ઓછા જ સમયે ઘણા વિદ્યાર્થીઓ અથવા શિક્ષકો પાસેથી માહિતી મેળવી શકાય છે. વ્યક્તિગત ઇન્ટરવ્યૂની તુલનામાં આ પદ્ધતિ ઓછા સમયમાં વધુ માહિતી એકઠી કરે છે. જે શૈક્ષણિક સંશોધન માટે ખૂબ ઉપયોગી છે.

2. ખર્ચ ઓછો પડે છે.

પ્રશ્નાવલી પદ્ધતિમાં સંશોધકને મુસાફરી, ઇન્ટરવ્યૂ કે વિશેષ સાધનોની જરૂર પડતી નથી. તેથી ઓછા ખર્ચે અભ્યાસ કરવાની બાબતે પણ આ પદ્ધતિ આર્થિક રીતે લાભદાયક સાબિત થાય છે.

જોષી દિવ્યાંશી. B

Page 5

3. મોટા સમૂહ પર લાગુ કરી શકાય છે.

શાળાઓ, કોલેજો અથવા યુનિવર્સિટીઓમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ પર પ્રશ્નાવલી સરળતાથી વિતરીત કરી શકાય છે. આથી નમૂનો વિશાળ બને છે અને પરિણામ વધુ વિશ્વસનીય બની શકે છે.

4. નિર્ભય અને ખાનગી જવાબો

પ્રશ્નાવલીમાં જવાબ આપતી વખતે નામ આપવું ન હોવાને કારણે વિદ્યાર્થીઓ પોતાની લાગણી અભિપ્રાયો અને મુશ્કેલીઓ ખુલ્લેઆમ વ્યક્ત કરી શકે છે, ખાસ કરીને સંવેદનશીલ વિષયો પર.

5. વ્યક્તિગત અસર ઓછી

સંશોધકની હાજરી ન હોવાથી તેના વિચ અથવા વલણ વ્યવહાર વ્યક્તિ પર અસર કર નથી. તેથી મળતી માહિતી તટસ્થ રહેવાની શક વધારે હોય છે.

- પ્રશ્નાવલી પદ્ધતિની મર્યાદા

1. જવાબોની ચોકસાઈ અંગે સંશય.

જોષી દેવાંશી. B

6

કેટલાક વિદ્યાર્થીઓ ગંભીરતાથી જવાબ ન આપે અથવા ખોટી માહિતી આપે છે. ક્યારેક સામાજિક રીતે સ્વીકાર્ય જવાબ આપવાની વૃત્તિથી સાચી સ્થિતિ છુપાઈ જાય છે.

2. અધૂરા અથવા અસ્પષ્ટ જવાબો.

ખુલ્લા પ્રશ્નોમાં ઘણાં જવાબો અધૂરા, અસ્પષ્ટ અથવા મુદ્દાથી અલગ હોઈ શકે છે, જેના કારણે યોગ્ય નિષ્કર્ષ કાઢવો મુશ્કેલ બને છે.

3. અનુગામી પ્રશ્નો પૂછવાની અસમર્થતા

ઇન્ટરવ્યૂની જેમ પ્રશ્નાવલીમાં તરત જ સ્પષ્ટતા માટે વધારાના પ્રશ્નો પૂછવા શક્ય નથી. તેથી ઊંડી માહિતી મર્યાદિત રહે છે.

4. ભાવનાત્મક પાસાઓની ઊંડી સમજ ન મળે

વિદ્યાર્થીઓની લાગણી, ચિંતા, તણાવ અથવા આંતરિક સંઘર્ષ જેવી બાબતોને પ્રશ્નાવલી દ્વારા સંપૂર્ણ ઊંડાણથી જાણવું મુશ્કેલ છે.

જોષી દેવાંશી. B

7.

ટુંકમાં પ્રશ્નાવલી પદ્ધતિ ક્લિનિકલ મનોવિજ્ઞાનમાં એક મહત્વનું યોગદાન આપે છે જે વ્યક્તિગત અને માનસિક ક્લિનિકલ અનુભવોને માપવામાં અને તેને સુધારવામાં મદદ કરે છે.

2. મુલાકાત પધ્ધતિ.

મુલાકાત પધ્ધતિ એ વિદ્યાર્થીઓની શીખવાની પ્રક્રિયા, વર્તણુક, લાગણીઓ, રુચિઓ અને વ્યક્તિગત સમસ્યાઓ ઊંડાણપૂર્વક સમજવા માટેની એક શક્તિશાળી સંશોધન અને મૂલ્યાંકન પધ્ધતિ છે. જેમાં પ્રશ્નોત્તરી દ્વારા સીધો સંવાદ થાય છે, જેનાથી શિક્ષક વિદ્યાર્થીની માન્યતાઓ, હેતુઓ અને સંવેદનાઓ જાણી શકે છે. જે તેને અસરકારક શિક્ષણ અને માર્ગદર્શન આપવા માટે મદદ કરે છે.

સામાન્ય રીતે બે કે તેથી વધુ વ્યક્તિઓ દ્વારા કોઈ વિશેષ હેતુ માટે આમને સામને અથવા મોઢા-મોઢ અથવા સામ-સામે કરવામાં આવેલ વાતચીતને મુલાકાત કહેવામાં આવે છે.

વ્યાખ્યા: – " મુલાકાત આમને સામને કરવામાં આવેલ એક પરસ્પર વાર્તાલાપ છે જેમાં એક વ્યક્તિ બીજુ વ્યક્તિ પાસેથી અમુક માહિતી પ્રાપ્ત કરે છે."

– કેન્યુન

– " મુલાકાત એક આમને સામને

જોષી દિવ્યાંશી. B

"આંતરવૈયક્તિક ભૂમિકા પરિસ્થિતિ છે જેમાં એક વ્યક્તિ (મુલાકાત લેનાર) મુલાકાત આપનાર વ્યક્તિ (ઉત્તરદાતા) ને સંશોધન સમસ્યા સંબંધિત ઉત્તરો મેળવવા માટે પ્રશ્નો કરે છે."

- કરલિંગર.

- મુલાકાત ના પ્રકારો

1. વ્યક્તિગત મુલાકાત :- સંવેદનશીલ બાબતની ગુપ્તતા માટે જરૂરી.

2. સામૂહિક મુલાકાત :- માર્ગદર્શન, સર્વસામાન્ય બાબતો માટે જરૂરી.

3. નિયંત્રિત મુલાકાત :- પૂછવા માટેના પ્રશ્નો વગેરે અગાઉથી તૈયાર હોય

4. અનિયંત્રિત મુલાકાત :- પ્રશ્નો વગેરે જરૂરિયાત અનુસાર ગુપ્ત રીતે પૂછાય.

- મુલાકાત પદ્ધતિનો અર્થ અને હેતુ:

• સીધો સંવાદ :- આ પદ્ધતિમાં સંશોધક (શિક્ષક) અને ઉત્તરદાતા (વિદ્યાર્થી) વચ્ચે સીધો,

જોષી દિવ્યેશી બી.

10

મૌખિકમાં વાતચીત થાય છે. જ્યાં પ્રશ્નો પૂછીને માહિતી મેળવવામાં આવે છે.

- ઊંડાણપૂર્વક સમજ : તેના દ્વારા માત્ર સપાટી પરની માહિતી નહીં, પરંતુ વિદ્યાર્થીની આંતરિક માનસિક સ્થિતિ, લાગણીઓ, મંતવ્યો અને સમસ્યાઓનું મૂળ કારણ જાણી શકાય છે.

- શૈક્ષણિક સંદર્ભમાં ઉપયોગ : વિદ્યાર્થીની શીખવાની મુશ્કેલીઓ, વર્તન સમસ્યાઓ, ઘરેલું સમસ્યાઓ અને જરૂરિયાતો સમજવા માટે ઉપયોગી છે.

- મુલાકાત પદ્ધતિ ના ફાયદા :

- વ્યક્તિના મૌખિકથી આદર્શોનો લાભ મળે છે.
- પાત્રને યોગ્ય પ્રેરણા પૂરી પાડી શકાય.
- યોગ્ય અને જરૂરી સંપૂર્ણ માહિતી પ્રાપ્ત થઈ શકે છે.
- પાત્ર ની અંગત કે ખાનગી માહિતી પણ મળી શકે છે.
- પાત્રની માન્યતાઓ, સંવેગો અને લાગણી વિશે જાણી શકાય છે.

જોષી હેતાંશી. B

રેખા

- નાના બાળકો અને અભણ વ્યક્તિ પાસેથી પણ માહિતી મેળવી શકાય છે.
- જરૂર પડે વધુ સ્પષ્ટતા માટે પરિસ્થિતિ અનુરૂપ પ્રશ્નોમાં ફેરફાર કરી પ્રશ્નો પૂછી શકાય છે.
- વાતની લાગણી અને ભાવો પર ઊંડાણથી મુલાકાતથી થઈ શકે છે.

- મુલાકાત પદ્ધતિની મર્યાદાઓ :

- વધુ સમય અને શક્તિ માંગી લે છે.
- કેટલીક મુલાકાતમાં પૂરતી અને સાચી માહિતીની પ્રાપ્તિ શક્ય બનતી નથી.
- ક્યારેક વધુ અપ્રસ્તુત ચર્ચાની સંભાવનાને કારણે સમયનો દુર્વ્યય થાય છે.
- મુલાકાત આપનાર વ્યક્તિ પોતાના હોદ્દા, દેખાવ શિક્ષણથી કે વાકચાતુર્યથી આત્મવિશ્વાસને ઓછું કરી શકે અથવા તો એથી ઊલટું પણ બની શકે છે.

મુલાકાત પદ્ધતિ ક્લિનિકલ
મનોવિજ્ઞાનમાં વ્યક્તિના માનસિક પાસાઓને ઊંડાણથી સમજવા માટે ખૂબ અસરકારક છે. જોકે સમય અને શક્તિને કારણે તેનો ઉપયોગ સામાન્ય રીતે

મોદી દેવાંશી. B

12

પ્રશ્નાવલી, અવલોકન અથવા રેકર્ડ પદ્ધતિ સાથે જોડીને કરવામાં આવે છે.

શૈક્ષણિક મનોવિજ્ઞાન નો ધ્યેય શિક્ષણને વધુ અસરકારક બનાવવાનો છે. અને આ ધ્યેય સિદ્ધ કરવા માટે મુલાકાત પદ્ધતિ એક મહત્વપૂર્ણ સાધન છે. જે શિક્ષકને વિદ્યાર્થીની માનસિક દુનિયામાં પ્રવેશવાની અને તેને શ્રેષ્ઠ રીતે મદદ કરવાની તક આપે છે.